## વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
**www.vmc.gov.in**
## જાહેરનામું

The Disaster Management Act, 2005 ની કલમ-૩૦ તથા કલમ-૩૪ અને ગુજરાત એપીડેમિક ડીસીઝ કોવીડ-૧૯ રેગ્યુલેશન-૨૦૨૦ ની કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું, ડો. દેવેશ પટેલ, મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા શહેર અને વડોદરા જીલ્લામાં દરેક કાઉન્સીલ (ALLOPATHY, AYUSH) માં રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરશ્રીઓને HOME BASED COVID CARE માટે "DESIGNATED COVID CONSULTANT" તરીકે જાહેર કરૂ છું.

આ DESIGNATED COVID CONSULTANT દ્વારા તેમના હયાત દર્દીઓ પૈકી અથવા અન્ય કોઈપણ વ્યક્તિ શંકાસ્પદ COVID-19 લક્ષણો સાથે સંપર્ક કરે તેમને તાત્કાલીક HOME BASED COVID CARE ની માર્ગદર્શીકા મુજબ સારવાર ચાલુ કરી નિયત નમુનામાં વડોદરા મહાનગર પાલિકાના SURVELLANCE OFFICER ને રીપોર્ટીંગ કરવાનું રહેશે. ઉપર મુજબની સારવાર ચાલુ થયેલ તમામ દર્દીઓની ટેલિફોનિક કન્સલટેશન દવારા રોજે-રોજ દેખરેખ રાખવાની રહેશે અને "HOME BASED COVID CARE GUIDELINES" ને અનુસરી કાર્યવાહી કરવાની રહેશે. આવા દર્દીઓને દવા અને અન્ય મદદ અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર તરફથી મળી શકે છે અને તે માટે સંકલન કરવાનું રહેશે. શહેરીજનોને પોતાના જ FAMILY DOCTOR દ્વારા PERSONALIZED CARE મળી શકે અને તમામ શંકાસ્પદ અને MILDLY SYMPTOMATIC PATIENTS ને COVID HOSPITAL અથવા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર સુધી આવવુ ન પડે તે માટે શહેરીજનોના લાભાર્થે આ જાહેરનામુ કરવામાં આવે છે.

આરોગ્ય અમલદાર
મહાનગરપાલિકા
વડોદરા

Scanned with CS

પી.આર.ઓ.નં.૪૯/૨૦૨૦-૨૧.